પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૮ | ૨૭ જુન, ૨૦૧૮, બુધવાર; નિજ. જેઠ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**થાઈલેન્ડમાં બાળકો ગુફામાં ફસાયા**

નોર્થ થાઈલેન્ડમાં થામ લુઆંગ ગુફામાં પૂર આવતા ૧૨ બાળકો તેમાં ફસાઈ ગયા છે. પૂરમાં ફસાયેલા બાળકોને શોધવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચલાવાઈ રહ્યું છે.

**અલ્જેરીયાના શરણાર્થીઓને રણમાં મોકલ્યા**

અલ્જેરીયામાં શરણાર્થીઓને બંદૂકની અણીએ દેશ છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેઓને સહારાના રણમાં બળજબરીપૂર્વક વસવાટ માટે મોકલી આપવામાં આવ્યા છે.

**યોગી આદિત્યનાથ અને સંઘ પ્રમુખ વચ્ચે મુલાકાત**


ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દિલ્હી પહોંચ્યા છે. તેઓએ અહી આરએસએસ પ્રમુખ મોહન ભાગવત સહિત સંઘના મોટા નેતાઓ સાથે મુલાકાત કરી હતી.

**ઈ-કોમર્સથી થતી આવક બાવન અબજ ડોલરની થઈ જશે**

ભારતમાં ૨૦૧૭માં ઓનલાઈન શોપિંગ કરનારાઓની સંખ્યામાં ૨૦.૨ ટકાનાં વધારા સાથે ટોટલ ઈંટરનેટ યુઝર્સની સંખ્યામાં ૩૭ ટકાનો વધારો થશે. એક સર્વે પ્રમાણે ૨૦૨૨ સુધીમાં ઈકોમર્સથી થતી કમાણીમાં ૫૨ બિલિયન ડોલર જેટલી થશે. હાલ ભારતની કુલ વસ્તીમાંથી ૩૭ ટકા ઈંટરનેટ યુઝર્સ છે જેમાંથી ૧૪ ટકા રેગ્યુલર ઓનલાઈન ખરીદી કરે છે.

# કટોકટી કાળા ઈતિહાસ સમાન : મોદી

**પીએમ મોદીએ ટ્વિટ કરીને ઈમરજન્સીને લઈ કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહાર : કટોકટીના ૪૩ વર્ષ પૂર્ણ: લોકતંત્રને સચેત રાખવા માટે ઈમરજન્સીને યાદ કરવુ જરૂરી, પરિવાર માટે બંધારણનો દૂરપયોગ કરવામાં આવ્યો**




ન્યુ દિલ્હી,તા.૨૬

દેશમાં ૪૩ વર્ષ પહેલાં નાંખવામાં આવેલ ઈમરજન્સી પર મુંબઈમાં આયોજીત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે આ દેશમાં જ્યારે-જ્યારે કોંગ્રેસ અને ખાસ કરીને એક પરિવારને પોતાની ખુરશી જવાનો ખતરો લાગે તો તેમણે બૂમો પાડવાનું શરૂ કર્યું કે દેશને ખતરો છે, દેશ બર્બાદ થવાનો છે અને આપણે જ બચાવી શકીએ છીએ. તેમણે કહ્યું કે લોકતંત્રમાં સચેત રહેવા માટે આપણે આ દિવસને યાદ કરીએ છીએ. એક પરિવાર માટે આ દેશની ન્યાયપાલિકાની ગરીમા પર પણ પ્રહારો કરાયા. તેમણે કહ્યું કે કોંગ્રેસની માનસિકતામાં આજે પણ બદલાવ આવ્યો નથી.

પીએમે કહ્યું કે જેન પરાધીનતાના સંઘર્ષને જોયો નથી તેમની સામે આઝાદીની કેટલી પણ વાતો કરો એ અનુભવ કરી શકે નહીં. આજની પેઢીમાં નવજવાનોને જો પૂછવામાં આવે તો તેમને ખાસ ખબર પડશે નહીં. તેમની અંદરથી આગ પ્રગટ થશે

● અનુસંધાન પાન-૭ પર

## કુમારસ્વામી સરકાર પર ફરી સંકટના વાદળો

**અસંતુષ્ટ કોંગ્રેસી નેતા ભાજપના સંપર્કમાં આવ્યા : પહેલા મંત્રીમંડળમાં સંખ્યાને લઇને, ત્યારબાદ કેબિનેટમાં પદને લઇને અને હવે બજેટને લઇ જોરદાર વિવાદ જારી**



બેંગલોર,તા. ૨૬

કર્ણાટકમાં રાજકીય સંકટ હજુ પણ ટળ્યુ નથી. મુખ્યપ્રધાન કુમારસ્વામીની નેતૃત્વમાં ગઠબંધન સરકાર ટકી શકશે કે કેમ તેને લઈને ચર્ચા શરૂ થઈ છે. ગઠબંધનની સરકાર પર ખતરો તોળાઈ રહ્યો છે. કેટલાક સભ્યો ભાજપના સંપર્કમાં હોવાના હેવાલ મળ્યા છે. પહેલા મંત્રીમંડળમાં સંખ્યાને લઈને, ત્યારબાદ કેબિનેટમાં હોદ્દાને લઈને અને હવે બજેટને લઈને વિવાદ છેડાઈ ગયો છે. હાલત એ છે કે કુમારસ્વામી સરકારના બજેટ રજૂ કરતા પહેલા મુશ્કેલી સર્જાઇ ગઈ છે. માત્ર ચાર સપ્તાહ જુની સરકાર ગબડી પડવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં શરૂ થઈ ગઈ છે. પાંચમી જુલાઈના દિવસે સરકાર તેનુ પ્રથમ બજેટ રજૂ કરે તે પહેલા સરકારના પતનને લઈને ચર્ચા છે. હાલના સમયમાં જે સંકેતો મળી રહ્યા છે તે મુજબ ગઠબંધન સરકાર પોતાના જ મંત્રીઓ અને ધારાસભ્યોની નારાજગીના કારણે મુશ્કેલીમાં દેખાઈ રહી છે. બીજી બાજુ કોંગ્રેસના નારાજ નેતા તરફથી વાતચીતના પ્રયાસ કરવામાં આવી રહ્યા નથી. કર્ણાટક સરકાર માટે સૌથી મોટી

● અનુસંધાન પાન-૭ પર

# અમરનાથ યાત્રાની સુરક્ષા માટે જવાનો તૈનાત

**બધા રૂટ પર અર્ધલશ્કરી દળના જવાનો રહેશે : શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે બંને બેઝ કેમ્પ ઉપર પણ મજબૂત સુરક્ષા : કમાન્ડો પણ બાજ નજર રાખશે : નિર્મલા સીતારામન દ્વારા રૂટનું હવાઈ નિરીક્ષણ કરાયું**

નવીદિલ્હી, તા.૨૬

શ્રદ્ધાળુઓમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે વાર્ષિક અમરનાથ યાત્રાને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ વખતે અમરનાથ યાત્રા દરમિયાન અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે. સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામન, સેનાના વડા બિપીન રાવત સહિતના તમામ લોકો યાત્રીઓની સુરક્ષાને લઈને ખુબ જ ગંભીર દેખાઈ રહ્યા છે. અમરનાથ યાત્રા દરમિયાન કોઈપણ બનાવ ન બને તે માટે પુરતા પગલા લેવામાં આવી રહ્યા છે. આ વખતે યાત્રાના રુટ ઉપર અર્ધલશ્કરી દળોની ૨૦૧ ૩થી વધુ વધારાની કંપનીઓ તૈનાત કરવામાં આવનાર છે. યાત્રાની શરૂઆત પહેલા જ સુરક્ષા પાસાઓ

ઉપર જાણકારી મેળવવા નિર્મલા સીતારામન પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



## જીએસટીના દરોમાં ઘટાડાનો સંકેત : ૧૯મીએ નિર્ણય કરાશે

ન્યુ દિલ્હી,તા.૨૬

જીએસટી લાગુ થયાને એક વર્ષ પૂરું થયા બાદ સરકાર બીજા વર્ષમાં પણ વિવિધ વસ્તુઓ અને સેવાઓ ઉપર ટેક્સના દરોને તર્કસંગત બનાવવા પર ધ્યાન કેન્દ્રીત રાખશે. એવું મનાય રહ્યું છે કે આ દિશામાં પગલું ઉઠાવવા માટે જીએસટી કાઉન્સીલની આગામી ૧૯ જૂલાઈએ મળનારી બેઠકમાં જીએસટીના ૨૮ ટકા ટેક્સ સ્લેબમાં સામેલ અમુક વસ્તુઓ અને સેવાઓ પર ટેક્સની સમીક્ષા થઈ શકે છે. આવું થવા પર આ સ્લેબમાં આવતાં ઉત્પાદનોની સંખ્યામાં ઘટાડો થઈ શકે છે.

સૂત્રોએ કહ્યું કે જીએસટી કાઉન્સીલની આગામી બેઠક ૧૯ જૂલાઈએ વીડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી થશે. એ વાતના પણ અણસાર છે કે ત્યાં સુધી નાણામંત્રી અણ જેટલી સ્વસ્થ થઈને નાણા મંત્રાલયનો ભાર સંભાળી લેશે અને વીડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી આ બેઠકને સંબોધન કરશે.

સૂત્રોએ કહ્યું કે આમ તો બેઠકના મુખ્ય મુદ્દામાં જીએસટી રિટર્નની પ્રક્રિયાને સરળ બનાવવા, રિવર્સ ચાર્જ મિકેનિઝમ જેવા વિવાદીત મુદ્દા પર આગળનો રસ્તો નક્કી કરવા અને અત્યાર સુધી મહેસૂલ સંગ્રહના ટ્રેન્ડની સમીક્ષા કરવા સહિતના રહેશે પરંતુ તેમાં અમુક વસ્તુઓ અને સેવાઓ પર જીએસટીના દરની સમીક્ષા પણ કરવામાં આવશે. આવી સ્થિતિમાં એ વાતની આશા છે કે અમુક વસ્તુઓ જેવા કે પેઈન્ટ અને સીમેન્ટ તથા મનોરંજન સેવાની શ્રેણીમાં આવતી ફિલ્મ ટિકિટના દર ઓછા કરવા વિચારણા કરવામાં આવી શકે છે.

# મોદીની સુરક્ષા કડક બનાવાઈ

**મંજુરી વગર મંત્રી અને અધિકારી પણ મોદીની પાસે નહીં આવી શકે : સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપની મંજુરી બાદ જ મોદીની નજીક આવવાની તક મળશે**

નવીદિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હત્યાના કાવતરાનો હાલમાં જ પર્દાફાશ કરવામાં આવ્યા બાદ ગૃહમંત્રાલય દ્વારા તેમની સુરક્ષા માટે નવી માર્ગદર્શિકા જારી કરી દેવામાં આવી છે. મોદીની સુરક્ષા માટે નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવ્યા બાદ તેમની સુરક્ષા વધુ મજબૂત કરવામાં આવી છે. હવે પ્રધાનો, હોદેદારો પણ મંજુરી વગર તેમની નજીક આવી શકશે નહીં. ગૃહમંત્રાલયનું કહેવું છે કે, સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ તરફથી મંજુરી મળ્યા વગર કોઈપણ મંત્રી અને અધિકારીને પણ મોદીની નજીક આવવાની મંજુરી મળશે નહીં. આ ઘટનાક્રમ સાથે જોડાયેલા અધિકારીઓનું કહેવું છે કે, મોદી ઉપર હજુ સુધીનો સૌથી મોટો ખતરો તોળાઈ રહ્યો છે. ૨૦૧૯માં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા તેમના ઉપર સૌથી વધુ ખતરો રહેલો છે. મંત્રાલય દ્વારા પોતાના પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, કોઈને પણ મોદીની નજીક જવાની મંજુરી આપવામાં આવશે નહીં. વણઓળખાયેલા લોકો તરફથી વધારે ખતરો રહેલો છે. મંત્રીઓ અને અધિકારીઓને પણ તેમના ખાસ સુરક્ષા છત્રમાં પ્રવેશ કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. એસપીજી દ્વારા સત્તારુઢ ભાજપના મુખ્ય પ્રચારક મોદીને ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીના સંબંધમાં રોડ શો ઓછા કરવા અને જનસભાઓ વધુ કરવા માટે કહ્યું છે. કારણ કે, રોડ શો દરમિયાન હુમલાનો ખતરો વધારે રહે છે. મોદીની સુરક્ષાની ક્લોઝ પ્રોટેક્શન ટીમને નવા નિયમોના સંદર્ભમાં જાણકારી આપી દેવામાં આવી છે.



## ગડકરી-શરદ પવાર વચ્ચે બેઠક

પુણે,તા. ૨૬

ભારતીય જનતા પાર્ટી અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી વચ્ચે કોઈપણ પ્રકારની સમજૂતિ નથી પરંતુ આ બંને પાર્ટીઓ અનેક વખત એકબીજાની નજરે પડે છે. એનસીપીના અધ્યક્ષ શરદ પવાર અનેક વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી ચુક્યા છે. તાજેતરમાં જ શરદ પવાર અને કેન્દ્રીયમંત્રી નીતિન ગડકરી વચ્ચે વાતચીત થઈ હતી. બંને નેતાઓ વચ્ચે બંધબારણે બેઠક યોજાઈ હતી. આ મુલાકાત બાદ રાજકીય વર્તુળોમાં નવા સમીકરણોને લઈને ચર્ચા ચાલી રહી છે. બંને પાર્ટીઓ તરફથી કહેવામાં આવી રહ્યું છે કે,

● અનુસંધાન પાન-૭ પર




## મેડમ તુસાદ મ્યૂઝિયમમાં બાબા રામદેવની એન્ટ્રી..!!



ન્યુ દિલ્હી,તા.૨૬

યોગગુરુ અને પતંજલિ યોગપીઠના સર્વેસર્વા બાબા રામદેવ હવે પ્રસિદ્ધ મેડમ તુસાદ મ્યૂઝિયમમાં પણ જોવા મળશે. ટૂંક સમયમાં જ તેમનું વેક્સ સ્ટેચ્યૂ નવી દિલ્હી સ્થિત મ્યૂઝિયમમાં લગાવવામાં આવશે. આ માટે લંડનમાં રહેલા રામદેવની મેડમ તુસાદ સ્ટૂડિયોની ટીમે મુલાકાત કરી હતી. આ સાથે જ તેમના કદ-કાઠી અને ચહેરાના હાવભાવને પણ રેકોર્ડ કરવામાં આવ્યાં હતાં.

એક રિપોર્ટ અનુસાર બાબા રામદેવની જે મૂર્તિ મ્યૂઝિયમમાં લગાવવામાં આવશે. તે વેક્સ સ્ટેચ્યૂ જ હશે. જેમાં તેઓ વૃક્ષાસન મુદ્રામાં જોવા મળશે. નોંધનીય છે કે યોગગુરુ તરીકે ઓળખ મેળવનાર બાબા રામદેવ આજે એક મોટા બિઝનેસ ગ્રુપ્રા સર્વેસવર્િ છે. આ ઉપરાંત રામદેવ રાજનીતિમાં પણ ખૂબ જ રસ દાખવે છે.

નોંધનીય છે કે દિલ્હીના મેડમ તુસાદ મ્યૂઝિયમમાં સાત ભાગ બનાવવામાં આવ્યાં છે. બાબા રામદેવની મૂર્તિ ઈન્ટરએક્ટિવ ઝોનમાં લગાવવામાં આવશે. અહીં આવનાર દર્શકો તેમની મૂર્તિ સાથે સેલ્ફી પણ લઈ શકશે.

# ભારતના ચાર દિવ્યાંગોએ ૩૬ કિલોમીટર લાંબી ઈંગ્લિશ ચેનલને તરીને નવો રેકોર્ડ બનાવ્યો

મુંબઈ,તા.૨૬

ભારતના ચાર દિવ્યાંગોએ ૩૬ કિલોમીટર લાંબા ઈંગ્લિશ ચેનલને તરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. ચારેય દિવ્યાંગોએ ૧૨ કલાક ૨૬ મિનિટમાં સમુદ્રને પાર કર્યો છે. મધ્ય પ્રદેશના સત્યેન્દ્રસિંહ લોહિયા, રાજસ્થાનના જગદીશચંદ્ર તેલી, મહારાષ્ટ્રના ચેતન રાઉત અને બંગાળના રિમો શાહ આ ટીમમાં સામેલ હતા.

મહારાષ્ટ્રમાં રહેતા ચેતન રાઉત પાસે લંડન જવા માટે પૈસા નહોતો. તેમ છતા ચેતન રાઉતે સાહસ કરીને મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ચેતને લંડન જવા માટે પોતાના પિતાની એફડી તોડાવી હતી અને નાણાની વધુ જરૂરિયાતને પૂર્ણ કરવા માટે તેમણે મિત્રો પાસેથી નાણા લીધા હતા.

ગ્વાલિયરના સત્યેન્દ્ર લોહિયા દિવ્યાંગ હોવાના કારણે તેમનુ અપમાન કરવામાં આવતુ હતું. સત્યેન્દ્ર લોહિયાએ પોતાના ગામની બૈસલી નદીમાં તરવાનું શરૂ કર્યું હતું. તેમણે ૨૦૧૭માં મધ્ય પ્રદેશના ખેલ વિભાગના અધિકારીઓને ઈંગ્લિશ ચેનલ પાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ દિવ્યાંગ હોવાના કારણે સત્યેન્દ્રની મજાક ઉડાવવામાં આવી હતી.

રાજસ્થાનના જગદીશ તેલીએ તળાવમાં તૈરવાનું શીખીને મોટી સિદ્ધિ મેળવી છે. જગદીશ તેલીએ ઈંગ્લિશ ચેનલના ૬૦ ટકા જેટલો પાર કર્યો હતો. જોકે સમુદ્રમાં ઊંચા મોજા ઉઠવાના કારણે એક કલાકની સફરમાં જગદીશને ત્રણ કલાકનો સમય લાગ્યો હતો.

પશ્ચિમ બંગાળાના હાવડામાં રહેતા રીમો શાહ દિવ્યાંગ છે. રિમો શાહે જણાવ્યુ કે, અનેક પડકાર બાદ ઈંગ્લિશ ચેનલ કરવામાં સફળતા મળી છે. નાણાની અછત અને ગરીબીની સ્થિતિ વચ્ચે રિમો શાહે ઈંગ્લિશ ચેનલને પાર કરવામાં સિદ્ધિ હાંસલ કરી છે.

